જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૧૮/૦૭/૨૦૨૨ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૨૭૬/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૫ | ૩,૮૮,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## મિલકત સંબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર પો.સ્ટે. વિસ્તારમાં ચોરીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે વિશાલ ઉર્ફે પેપો ગોવિંદભાઈ જાતે. પટણી(મેશણીવાળા) ઉ.વ.૨૧ હાલ રહે. બ્લોક નં.૫૭/૧૩૪૭ ગુજરાત હાઉસિંગના મકાન, મેઘાણીનગર પો.સ્ટે. પાછળ, મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ રહે. ગીતાંજલી છાપરા, ઉંઝા ત્રણ રસ્તા, પાટણ નાની  વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૨૦૩૬૯/૨૨ ઈ.પી.કો. કલમ ૩૮૦ મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૨૦૩૭૦/૨૨ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૨૦૩૭૧/૨૨ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૯૯/૨૦૨૨ તા.૧૭/૦૭/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૧૭/૦૭/૨૦૨૨ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ રાજકોટ" ખાતે મોકલી આપેલ છે. તા.૧૭/૦૭/૨૦૨૨

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ. આર.ડી.જાડેજા તથા સર્વે.સ્કોડ સ્ટાફ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૨૧ લીટર દેશી દારૂ, ૧૪૦૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૦ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૪૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૬૦,૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૯/૨૦૨૨**

**સરખેજ**ઃ ચેતનભાઇ કાંતીલાલ ચૌહાણ (ઉ.વ.૩૮)(રહે.શક્તિ સોસાયટી આયોજનનગર સામે જયદીપ ટાવર પાલડી) એ તા.૧૭/૦૭/૨૦૨૨ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૬/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અનવર અબુભાઇ ઠેબા ઉર્ફે અનવર બાપુ (રહે.લબેક પાર્ક સામે આર.સી.સી.રોડ કેનાલની પાસે ફતેવાડી) એ તેના ઘરે પાણીની ડોલમાં શેમ્પુની પડીઓ તથા ખાંડ-મીઠુ અને ચલણી નોટોની સાઇઝના કોરા કાગળો ડોલમા નાંખી વીધી કરી ડોલમાંથી રૂપિયા ૨૦, ૫૦ અને ૫૦૦ ના દરની કુલ ૧૭૦૦/- રૂપિયાની ચલણી નોટો કાઢી, “વધુ રૂપિયા ડબલ કરવા માટે કાગળો મંગાવા પડશે” તેમ જણાવી, ચેતનભાઇને વિશ્વાસમાં લઇ તેમની પાસેથી કુલ રૂપિયા ૧૧,૦૦,૦૦૦/- મેળવી લઇ, બદલામા અનવર બાપુએ ચેતનભાઇને એક થેલો આપેલ જે થેલો “બાર દિવસ પછી પોતે જ વીધી કરી ખોલશે તે સિવાય ખોલવાનો નહી અને તેના પર કોઇની નજર પણ પડવી જોઇએ નહી” તેમ જણાવતા બાર દિવસ પછી અનવર બાપુને થેલો ખોલવા માટે ફોન કરતા બહાના બતાવતા અને ફોન ઉપાડવાનું બંધ કરી દેતા શંકા જતા થેલામાં તપાસ કરતા થેલામાંથી ચલણી નોટોની સાઇઝના કોરા કાગળોના બંડલો મળી આવેલ. જે અનવર બાપુએ પૈસા ડબલ કરવાના બહાને રોકડા રૂપિયા ૧૧,૦૦,૦૦૦/- મેળવી લઇ ચેતનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ**: તુલસીદાસ સુરસિંહ રાઠવા(ઉ.વ.૫૭)(રહે.વંદેમાતરમ ટાઉનશીપ ગેટ નંબર-૧ વંદેમાતરમ રોડ ગોતા) એ તા.૧૭/૦૭/૨૦૨૨ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે ડીસેમ્બર/૨૦૨૧ થી તા.૨૬/૦૧/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન તુલસીદાસના ક્રેડીટકાર્ડમાંથી ઈન્ટરનેટના માધ્યમથી યેનકેન પ્રકારે અજાણી વ્યક્તિએ ઓનલાઇન ટ્રાન્જેકશન કરી કુલ રૂપિયા ૩,૮૮,૨૪૮/- ઉપાડી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.આર.વાઘેલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૦/૨૦૨૨**

**ખાડીયાઃ** હનુમાનસીંગ ગેંદાલાલ ઓડ (ઉ.વ.૫૭)(રહે.સરકારી હોસ્પિટલ પંચાયતી કુવાની પાસે પહાડગંજ અજમેર, રાજસ્થાન) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૭/૨૦૨૨ સવારના ૫/૦૦ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન કાલુપુર થી ગીતામંદિર ઓટોરીક્ષામાં બેસી જતા હતા ત્યારે ભુતની આંબલી પાસે આવેલ દશામાના મંદીર આગળ આવતા ઓટોરીક્ષામાં હનુમાનસીંગ સાથે પાછળ બેસેલ અજાણી વ્યક્તિઓ તથા રીક્ષા ચાલકની મદદગારીથી હનુમાનસીંગ તથા તેમની પુત્રીની નજર ચુકવી તેમના થેલામાંથી સોનાની મણકાવાળી કંઠી કિંમત રૂપિયા ૭૦,૦૦૦/-, સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૭૦,૦૦૦/-, ચાંદીનો કંદોરો કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ કિંમત રૂપિયા ૧,૬૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ બંનેને રીક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.ગોસ્વામી ચલાવે છે.

**નરોડાઃ** રમેશભાઇ ગોપાલલાલ અજમેરા(મારવાડી)(ઉ.વ.૩૫)(રહે,સુરાણા મહોલ્લા, ગાંધીચોક, ચિત્તોડગઢ, રાજસ્થાન) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૭/૨૦૨૨ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે નરોડા પાટીયા સર્કલ ખાતે ટ્રાવેલ્સની પાછળની ડેકીમાંથી અજાણી વ્યક્તિ નંગ-૮૨ સાડીના પાર્સલ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- તેમજ ચણીયા ચોળી નંગ-૪ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૨,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૧/૨૦૨૨**

**વટવા જી.આઇ.ડી.સી.**: રામોલ મહંમદનગર ખાતે રહેતા રિયાજશા મહબુબશા દિવાનનો અગિયાર વર્ષનો પુત્ર હસન તા.૧૭/૦૭/૨૦૨૨ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે બરોડા એક્સપ્રેસ હાઈવે રામોલ ગરૂડીયા ટેકરા પાસે તળાવમાં નાહવા જતા ડુબી જતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા જી.આઇ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલકુમાર ગોવિંદભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૨/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** અશ્વિનભાઇ જયંતીભાઈ ચૌહાણ(ઉ.વ.૨૪)(રહે.સતાધારનગર મહાવીર સ્કુલ પાસે ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૨ કલાક ૫/૪૫ વાગ્યા પહેલા સરદારબ્રીજ રીવરફ્રન્ટ વોક-વે પાસે રેમ્પ નંબર-૦૨ નજીક સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી